
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



**તમારા દિકરા સાથે બેબીનો સંબંધ એક શરત સાથે મંજુરી આપું... મારી દિકરીને સાસરીમાં ઘરમાં માસ્ક પહેરાવવાની ફરજ નહી પાડવાની... બહાર જતા એ પહેરશે...**

# દેશની ટોપ ૧૦૦ યુનિવર્સિટીઓમાં આઈઆઈટી ગાંધીનગર ૪૪મા ક્રમે

### ગુજરાત યુનિવર્સિટીએ ફરી એકવાર લાખો વિદ્યાર્થીઓને વર્લ્ડ ક્લાસ ફેકલ્ટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ આપીને દેશમાં પોતાનું નામ સ્થાપિત કર્યું છે : ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા

ગાંધીનગર, તા. ૧૧

કેન્દ્રિય શિક્ષણ મંત્રી શ્રી રમેશ પોખરીયલ 'નિશંક' દ્વારા ભારતીય સંસ્થાઓ માટે એનઆઈઆરએફ (ૅ્રંઈહ્વ) ભારતીય રેન્કિંગના અહેવાલની ઘોષણા કરવામાં આવી હતી. ગુજરાત રાજ્યની સૌથી જૂની અમદાવાદની 'ગુજરાત યુનિવર્સિટી'એ રાષ્ટ્રીય સંસ્થાકીય રેન્કિંગ ફ્રેમવર્ક (એનઆઈઆરએફ)ના અહેવાલ "ભારત ૨૦૨૦" માં ભારતની ટોચની ૧૦૦ સંસ્થાઓની યાદીમાં ૬૦મો ક્રમ પ્રાપ્ત કર્યો છે જ્યારે ટોચની ૧૦૦ યુનિવર્સિટીઓની યાદીમાં આઈઆઈટી ગાંધીનગર ૪૪મા ક્રમે છે. પ્રથમ વખત ગુજરાતના ઈતિહાસમાં કોઈ યુનિવર્સિટીએ આઈઆઈટી-ગાંધીનગર ઉપરાંત, એનઆઈઆરએફની ૧૦૦ ટોચની યાદીમાં આટલું ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

રેન્કિંગમાં ગુજરાત યુનિવર્સિટીના ક્રમમાં થયેલા સતત વધારા પર શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ કહ્યું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના સતત માર્ગદર્શન અને સમર્થનથી જ ગુજરાત યુનિવર્સિટી આ પદ પ્રાપ્ત કરી શકે છે. આ સિદ્ધિ બદલ તેમણે શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી અંજુ શર્મા તેમજ તેમની સમસ્ત ટીમ તથા ગુજરાત યુનિવર્સિટીના હાલના કાર્યકારી કુલપતિ ડો.જગદીશ ભાવસાર, ગુજરાત યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિ ડો. હિમાંશુ પંડ્યા સહિત યુનિવર્સિટીના તમામ અધ્યાપકો અને અધિકારીઓને વિશેષ અભિનંદન પાઠવ્યા હતા.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, "ગુજરાત યુનિવર્સિટીએ ફરી એકવાર લાખો વિદ્યાર્થીઓને વર્લ્ડ ક્લાસ ફેકલ્ટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ આપીને દેશમાં પોતાનું નામ સ્થાપિત કર્યું છે. ગુજરાત યુનિવર્સિટીએ છેલ્લા ઘણા વર્ષોમાં લાખો નાગરિકોને સુગમ શિક્ષણ પ્રાપ્ત કરવાની બાબતમાં કૂદકો લગાવ્યો છે. ગુજરાત યુનિવર્સિટીએ નિયમિત ડિગ્રી પ્રોગ્રામો ઉપરાંત ભાવિ કાર્યક્રમો અને વિવિધ પહેલ પણ રજૂ કરી છે."

ગુજરાત યુનિવર્સિટીનો અભિગમ વિશે કાર્યકારી કુલપતિ ડો જગદીશ ભાવસારે જણાવ્યું હતું કે, એમએચઆરડીથી ચાલતું આ રેન્કિંગ ગુજરાત યુનિવર્સિટીને નવીનતા શિક્ષણ અભિગમ, ડિજિટલાઈઝેશન અને વિદ્યાર્થીઓને ઉદ્યોગ માટે તૈયાર કરવા નવા કાર્યક્રમો રજૂ કરવા પ્રોત્સાહન આપે તેવું છે.

ગુજરાત યુનિવર્સિટીના તે સમયના કુલપતિ ડો.હિમાંશુ પંડ્યાએ જણાવ્યું હતું કે, આ રેન્કિંગ આપણી પ્રક્રિયાઓનું આધુનિકીકરણ અને યુનિવર્સિટીના સમાજ અને ઉદ્યોગની જરૂરિયાતો સાથે જોડાવા માટેના યુનિવર્સિટીના પ્રયત્નોનું પ્રતિબિંબ છે.

આ વર્ષની શરૂઆતમાં ગુજરાત યુનિવર્સિટીને ગુજરાત રાજ્ય સંસ્થાકીય રેન્કિંગ ફ્રેમવર્ક (જીએસઆઈઆરએફ)માં પ્રથમ ક્રમાંકની યુનિવર્સિટી જાહેર કરવામાં આવી હતી, જ્યાં ગુજરાત યુનિવર્સિટી રાજ્યની એકમાત્ર ૫ સ્ટાર રેન્કિંગવાળી યુનિવર્સિટી તરીકે ઉભરી આવી હતી.

## ખૂણેખાંચરેથી

- પ્રશ્નોરા નાગર સમાજના ચાલતા વ્હોટ્સઅપ ગૃપમાં લોકડાઉનના ફાયદા-ગેરફાયદા અંગે પાંચ જેટલા આયુના ગૃપો પાડી વક્તૃત્વ સ્પર્ધા તેમજ ચિત્ર સ્પર્ધાનું આયોજન કર્યુ હતુ જેમાં ગાંધીનગરમાં વસતા પ્રશ્નોરા નાગરની પ્રતિભાઓએ સારો દેખાવ કર્યો હોવાનું જાણવા મળેલ છે.
- ગાંધીનગર રોટરી ક્લબે લોકડાઉન પછી અનલોક-૧ ને લઈ "જીવન રિસ્ટાર્ટ કરીએ" તે વિષય પર ભાગ્યેશ જહાના પ્રવચનનું આયોજન યુટ્યુબના માધ્યમ થકી કર્યુ છે. સાંજે ૮.૩૦ વાગે આ વ્યાખ્યાન યોજવામાં આવ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં રાત્રે પડેલા વરસાદને કારણે સ્ટ્રીટલાઈટની ઘણી લાઈનોમાં ટ્રીપીંગ થતાં બંધ પડી હતી.
- બે ઈંચથી વધુ ગઈકાલે રાત્રે પડેલા વરસાદને પગલે શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા.
- ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આજ સુધીમાં ૮ હજાર કિલોથી વધુ બાયો મેડિકલ વેસ્ટનું કલેક્શન કરી નિકાલ કર્યો છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ધન્વન્તરી રથને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ૨૫ જૂન સુધી આ રથ ગ્રામ્ય વિસ્તારમાં ફરવાનો છે.

## સેફઝોનમાંથી મોબાઈલ ચોરી કરનાર બે યુવાનો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૧

સરગાસણ વિસ્તારના સેફઝોન ઈલેક્ટ્રોનીકસમાં દસ દિવસ અગાઉ શો-રૂમનું શટર તોડી ઉંચુ કરી વિવિધ કંપનીના ૧૨ મોબાઈલ ચોરી કરી લઈ ગયા હતા. ચોરી કરેલા મોબાઈલ વેચવા માટે જઈ રહ્યા હતા તે દરમિયાન રીલાયન્સ ચોકડી પાસેથી એલસીબી પોલીસે બે યુવાનોને પકડી પાડ્યા હતા. પોલીસે રૂ.૨,૬૪,૧૩૯ ના ૧૧ મોબાઈલ કબ્જે કરી ગણતરીના દિવસોમાં ચોરીનો ભેદ ઉકેલી નાંખ્યો છે.





મળતી માહિતી મુજબ ગાંધીનગર એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.જે.શીંદે ટીમ સાથે પેટ્રોલીંગમા હતા. તે દરમિયાન મોબાઈલ વેચવા માટે ફરી રહેલા બે યુવાનોને બાતમીને પગલે ઝડપી પાડ્યા હતા. ભાવેશ દશરથભાઈ પંચાલ (ઉં.૨૦ પલસાણા,કલોલ) વૈભવ ઉર્ફે વિશાલ સંજયભાઈ ડાભી (ઉં.૨૦ રહે. ટફન ગ્લાસની કંપનીમાં મુળ રહે. પેટલાદ) બે યુવકો પાસેથી પોલીસને ૧૧ મોબાઈલ ફોન કિં.રૂ.૨,૬૪,૧૩૯ મળી આવ્યા હતા. પોલીસે મોબાઈલ અંગે આધાર પુરાવા માંગતા તેઓ પાસે ન હતા. પોલીસે ઉંડાણપૂર્વકની તપાસ કરતા તેઓએ ગત તા.૩૦ ની રાત્રીના સમયે શો-રૂમનુ શટર ઉંચુ કરીને ચોરી કરી હોવાનું કબુલાત કરી હતી. જેથી એલસીબીએ બંન્ને આરોપીઓને ઈન્ફોસીટી પોલીસ મથકને સોંપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## આદરજ મોટી ગામમાંથી જુગાર રમતા ચાર શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર,તા.૧૧

ગાંધીનગર નજીક આવેલા આદરજ મોટી ગામે કળેશ્વર મંદિર પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. પેથાપુર પોલીસને તેવી બાતમી મળતા સ્થળ પર જઈને રેડઈ કરતા જુગાર રમી રહેલા આદરજ ગામના ચામુંડા પરામાં રહેતા દિનાજી રૂપાજી ઠાકોર, નવો વાસ ખાતે રહેતા ચિનુજી બેચરજી ઠાકોર, જેઠા ખાંટ વાસ ખાતે રહેતા દશરથજી બાબુજી ઠાકોર અને ગોરધનજીનો વાસમાં રહેતા જશાજી બકોરજી ઠાકોર ને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે દાવ પરથી રોકડા રૂ. ૪૬૦ તેમજ અંગજડતી દરમિયાન રૂ. ૪૬૩૦ મળી કુલ રૂ. ૫૦૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી ચારેય સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## પીંપળજ પાસે દારુ ભરેલી સ્વીફ્ટ ડીઝાયર ઝડપાઈ

ગાંધીનગર -મહુડી માર્ગ પર આવેલા પીંપળજ ગામમાંથી સાબરમતિ નદી તરફ જવાના માર્ગ પરથી એલસીબી-૨ એ વિદેશી દારુ ભરેલી સ્વીફ્ટ ડીઝાયર કાર ઝડપી પાડી છે. પોલીસે કારમાં તપાસ કરતા વિદેશી દારુની નાનીમોટી મળીને કુલ-૧૦૮ બોટલ કિં.રૂ.૪૨,૭૮૦ અને કાર મળીને કુલ રૂ. ૧,૯૪,૭૮૦ નો મુદામાલ કબ્જે કરી ગાડીના ચાલકને પકડી પાડી પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

એલસીબી-૨ ના પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો સક્રિય હતા. તે દરમિયાન દારુની હેરાફેરી અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે પીંપળજ ગામમાંથી સાબરમતિ નદી તરફ જતા માર્ગ પર ઉભેલી કાર નં. જી.જે.૦૧.કે.ઈ.-૬૫૮૧ ને પકડી પાડી હતી. કારમાં પોલીસે તપાસ કરતા વિદેશી દારુની ૧૦૮ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૪૨,૭૮૦ નો દારુ, બે મોબાઈલ અને દોઢ લાખની ગાડી મળી કુલ રૂ.૧,૯૪,૭૮૦ નો મુદામાલ કબ્જે કર્યો હતો.





એલસીબી-૨ એ કારના ચાલક મહેન્દ્રકુમાર ગોપાલભાઈ પટેલ (ઉં.૩૮ લોદરા) સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ પેથાપુર પોલીસે હાથ ધરી છે.

## જીવસેવા એ જ પ્રભુ સેવા ના ત્રણ સેવકોને જુસીકા દ્વારા શ્રધ્ધાંજલિ

ગાંધીનગર શહેરની સેવાકીય પ્રવૃતિનો વ્યાપ વધારવા અને જીવસેવા એ જ પ્રભુ સેવાના વાક્યને અનુસરી સેવા કરનાર જી.એન.ખારોડ, ઘનશ્યામભાઈ વ્યાસ તેમજ જગુબેન ખારોડનું લોકડાઉન દરમિયાન સ્વર્ગવાસ થયેલ છે. આ ત્રણેય સેવાભાવી મહાનુભાવોના અચાનક અવસાનથી શહેરની સામાજીક-સેવાકીય સંસ્થાઓ સહિત નગરજનોને ભારે ખોટ પડી છે. જુસીકા ની સેવાકીય પ્રવૃતિઓમાં હંમેશા પ્રેરણા સ્ત્રોત રહેનાર આ ત્રણેય સેવકોની ખોટ વર્તાશે. આ તમામ મહાનુભાવો સદાય બીજાની ભલાઈ માટેની જીંદગી જીવતા હતા. લોકડાઉનના સમયગાળામાં શહેરના ત્રણેય સેવકોના સ્વર્ગવાસ થયા હોવાથી જુનિયર સિટીઝન કાઉન્સીલ પરિવાર શ્રધ્ધાંજલિ પાઠવે છે.

## વોન્ટેડ આરોપીને એલસીબીએ પકડી પાડ્યો

સાબરમતિ સેન્ટ્રલ જેલ ખાતેથી પેરોલ જમ્પ કરી બે વર્ષથી નાસતા ફરતા આરોપીને એલસીબી-૨ એ પકડી પાડ્યો છે.પેરોલ ફ્લો સ્કવોડના હેડ કોન્સ્ટેબલ દિલિપસિંહને આરોપી અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે ભરતજી ઉર્ફે ભરતસિંહ ઉદાજી ઠાકોરને તેના ઘરે રખીયાલ ઈન્દીરાનગરથી પકડી પાડ્યો છે. આરોપીએ વર્ષ ૨૦૧૪માં પોતાની પત્નીની હત્યા કરી હતી. જે કેસમાં તેને આજીવન કેદની સજા થઈ હતી. નવેમ્બર ૨૦૧૮ માં ૧૦ દિવસની પેરોલ રજા પર બહાર આવ્યા બાદ તે પરત જેલમાં હાજર થયો ન હતો. છેલ્લા બે વર્ષથી આરોપી નાસતો ફરતો હતો. ત્યારે તે પોતાના ઘરે આવ્યો હોવાની બાતમી મળતા જ ગાંધીનગર એલસીબી-૨ એ તેને પકડી પાડ્યો હતો.



કોરોના કાળમાં વિટામીન-સી લેવાની ભલામણ અવારનવાર કરવામાં આવે છે. તેને દવા સ્વરૂપે લેવાના બદલે નૈસર્ગિક રીતે લેવામાં આવે તો તેના ફાયદા અનેક છે. વિટામીન-સીના ભંડાર સમા મોસંબી-નારંગીના ફળોનો આજકાલ બજારોમાં ઢગલો જોવા મળે છે. આ વર્ષે તેનો ખુબ સારો પાક થયો હોઈ ખૂબ સસ્તા ભાવે તે શહેરમાં વેચાઈ રહ્યા છે. શહેરના ફૂટપાથ પર ઠેર ઠેર તેના કોથળા જોવા મળી જાય છે. પાંચ અને દસ કિલોના વજનમાં મળી રહેલા આ ફળોની વસાહતીઓ સારી એવી ખરીદી કરી રહ્યા છે.

## ચિલોડા પંથકમાં મગફળીના વાવેતરનો પ્રારંભ

ચિલોડા, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તાર તથા દહેગામ ગ્રામ્ય વિસ્તારમાં ચાલુ સાલે મેઘરાજાની ધીમા પગલે એન્ટ્રી થવા લાગી છે. છેલ્લા બે ત્રણ દિવસથી અમુક વિસ્તારમાં મોન્સુન સીસ્ટમથી ગાજવીજ સાથે મેઘ પધરામણી થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ પ્રવર્તી રહ્યો છે. ત્યારે સારા વરસાદના એંધાણોથી ખેડૂતઆલમમાં આશાનો સંચાર પેદા થતાં ખરીફ પાક તરીકે મગફળીનું વાવેતરનો પ્રારંભ કરી રહ્યા છે.



અમુક ખેડૂતોએ ૧૦ થી ૧૫ દિવસ પહેલાં પિયતથી મફળીનું વાવેતર કરી ચુંક્યા છે. ત્યારે ખેડૂતોમાં ટેકાના ભાવે મગફળીના પોષણક્ષમ ભાવો મળતાં તેમજ સુકું કિંમતી પશુ ઘાસચારા ફાયદારૂપ બનતાં ખેડૂતોએ મગફળીનું વાવેતર કરવા વધુ ઝોક આપી રહ્યા છે. હાલમાં વિવિધ જાતની મગફળીનું બિયારણ ઉપલબ્ધ હોવાથી ખેડૂતો પસંદગી પ્રમાણે વાવેતર કરવા વધુ ઉત્સુક બન્યા છે. સરકાર તરફથી મગફળીની કીટ જી-૨૨-૬ મણ, ફોસ્ફરસ, એન.પી. કલ્ચર, ક્લોરો, ઈમીડા, સેન્દ્રીય ખાતર, હેકઝા વગેરેની કીટ ઉપલબ્ધ હોવાનું જણાવ્યું છે.

**કલમ-૧૯ની પેટા કલમ (૧) હેઠળની જાહેરાત**

### જાહેરનામું

**ગુજરાત સરકાર**

**નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર**

**જિલ્લો : મહેસાણા, તાલુકો : કડી ગામ : દેલ્લા વ.કે.નં. ૭/૨૦૧૯**

**ક્રમાંક : અકન/ક. ૧૯(૧) / આ.જાહેરનામું/દેલ્લા/૭/૧૯/એસ.આર.નં. ૧૫૮**

**તારીખ : ૧/૫/૨૦૨૦**

૧. જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુર્નવસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૯ની પેટા કલમ (૧) હેઠળ મળેલ સત્તા અન્વયે (જેનો હવે પછી ઉલ્લેખ સદરહુ કાયદો તરીકે કરેલ છે) ગુજરાત સરકારશ્રી અત્રેથી હિત ધરાવતી તમામ વ્યક્તિ કે વ્યક્તિઓને જાહેર કરેલ છે કે, નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી નર્મદા યોજના મહેસાણાએ સદરહુ કાયદાની કલમ-૧૫ની પેટા કલમ (૨) હેઠળ સરકારશ્રીએ રજૂ કરેલા અહેવાલથી સંતોષ થયેલ છે અને મોજે : દેલ્લા, તા. કડી, જિ. મહેસાણામાં નીચે મુજબ પરિશિષ્ટ-કમાં દર્શાવેલ વિગતો ધરાવતી જમીન દેલ્લા - જેસંગપુરા અને ટુ આર વિરોચનનગર નહેરના બાંધકામના જાહેર હેતુ માટે સંપાદન કરવાનો નિર્ણય કરેલ છે.

૨. સદરહું કાયદાની કલમ-૧૯(૧) હેઠળની જાહેરાત આ જાહેરનામાંથી બહાર પાડેલ છે. તે આ જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને લાગુ પડે છે.

૩. સંપાદન કરવાની થતી જમીનના નકશા અને પ્લાન જાહેર જનતાના નિરિક્ષણ સારૂ નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી નર્મદા યોજના, બ્લોક નં.૧, બીજો માળ, બહુમાળી મકાન, મહેસાણાની કચેરીએ કામકાજના કોઈપણ દિવસે કચેરી સમયમાં ઉપલબ્ધ થશે.

૪. સરકારશ્રીના નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના જાહેરનામા ક્રમાંક : જ.સં. / ૨૦૧૯/મહેસાણા/૨૨૨/૧૪૩/મ તારીખ : ૫/૮/૨૦૧૯થી સંપાદન કરવાની ઉક્ત જમીનને સામાજિક અસર મુલ્યાંકનમાંથી મુક્તિ અપાયેલ છે.

**પરિશિષ્ટ-ક**

કેસ નંબર : ૭/૨૦૧૯
તારીખ : ૧/૫/૨૦૨૦

**મોજે : દેલ્લા, તાલુકો : કડી જિલ્લો : મહેસાણા**

| ગામ, તાલુકો, જિલ્લાનું નામ | જમીન કબજેદારનું નામ | ગામ નમુનો નં.૮ (અ) | સર્વે નંબર બ્લોક નંબર | વિસ્તાર (હે.આરે.) ચો.મી.) | સંપાદિત કરેલ જમીન વિસ્તાર (હે.આરે. ચો.મી.) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| દેલ્લા તા. કડી જિ. મહેસાણા | જીવીબેન તે સુલતાન જામાની વિધવા | ૩૮૧ | ૪૧૩ | ૦૦.૨૬.૫૭ | ૦૦.૦૬.૭૦ |
| | | કુલ | | | ૦૦.૦૬.૭૦ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**(કે. એસ. યાજ્ઞિક)**
**અધિક કલેક્ટર (નર્મદા)**
**અમદાવાદ**

**ક્રમાંક : નામાનિ/મહે/૫૪/૨૦-૨૧**


ઘરમાં રહો, સુરક્ષિત રહો | સત્યમેવ જયતે ગુજરાત સરકાર | આપણે સુરક્ષિત, તો રાષ્ટ્ર સુરક્ષિત



રાજ્યોના સીમાડા હવે કોઈને પણ અન્નથી વંચિત નહીં રાખી શકે



વન નેશન, વન રેશનકાર્ડ યોજના

દેશના અન્ય રાજ્યોના પરપ્રાંતિય N.F.S.A. રેશનકાર્ડ ધારકો ગુજરાત રાજ્યમાં પણ અન્ન મેળવી શકશે

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ જાહેર વિતરણ વ્યવસ્થાનું રાષ્ટ્રવ્યાપી સંકલન

કેન્દ્ર સરકારે "વન નેશન, વન રેશનકાર્ડ" યોજના હેઠળ ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, ઉત્તરપ્રદેશ, બિહાર સહિતના ૧૯ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશની જાહેર વિતરણ વ્યવસ્થાનું સંકલન કર્યું છે. જે અંતર્ગત જે લોકો રોજગારની તલાશમાં ગુજરાતમાં આવ્યા છે તેવા N.F.S.A. રેશનકાર્ડ ધરાવતા પરપ્રાંતિય નાગરિકો રાજ્યની ૧૭ હજારથી વધુ સસ્તા અનાજની દુકાનો પૈકી ગમે તે દુકાનેથી અન્ન પુરવઠો મેળવી શકશે

ગુજરાતના N.F.S.A. રેશનકાર્ડ ધારકોએ કોઈપણ જીલ્લામાંથી રેશનકાર્ડ કઢાવ્યું હોય, તો પણ રાજ્યની ૧૭,૦૦૦થી વધુ દુકાનો પૈકી ગમે તે દુકાનેથી તેને મળવાપાત્ર અન્ન પુરવઠો મેળવી શકશે

દેશનો કોઈપણ N.F.S.A. રેશનકાર્ડ ધારક પોતાના અંગૂઠા/આંગળીની છાપ દ્વારા ઓળખ પ્રસ્થાપિત કરીને સમગ્ર રાજ્યમાં કોઈપણ સસ્તા અનાજની દુકાનેથી જૂન-૨૦૨૦માં વિનામૂલ્યે અન્ન પુરવઠો મેળવી શકશે

એક ભારત, શ્રેષ્ઠ ભારત

નહીં પ્રદેશવાદ, નહીં ભાષાવાદ, હવે માત્ર રાષ્ટ્રવાદ

"વન નેશન વન રેશનકાર્ડ" યોજનાથી જાહેર વિતરણ વ્યવસ્થા સુદૃઢ બનશે, રેશનકાર્ડ ધારકોને અન્ન પુરવઠો મેળવવો સરળ બનશે - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત